Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ ૨૦૨૩૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા. ૧૪ /૧૦/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત.

આ સાથે સામેલ મેં,સંયુક્ત નિયામકશ્રી ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર નાં પત્ર ક્રમાંક/મઉમશબ/સંશોધન/૨૦૨૨/૧૧૬૧૨-૪૮ તા.૧૨/૧૦/૨૦૨૨ અન્વયે રાષ્ટ્રીય-આંતરાષ્ટ્રીય કક્ષાએ ૫૫ એવોર્ડ્સ વિજેતા ગુજરાતી ફિલ્મ " દિવાસ્વપ્ન " વિધાર્થીઓને બતાવવા સંદર્ભે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્માંક:-મઉમશબ/સંશોધન/૨022/11612-48
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.12/10/2022

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષયઃ-રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય કક્ષાએ 55 એવોર્ડ્સ વિજેતા ગુજરાતી ફિલ્મ "દિવાસ્વપ્ન" વિદ્યાર્થીઓને દેખાડવા બાબત.

સંદર્ભઃ- (1) શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો પત્રક્માંક:પરચ/122022/Vip-132/ વ-2 તા.26/09/2022.

(૨) શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનો પત્રક્માંક:પરચ/122022/Vip-140/ વ-2 તા.01/10/2022.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રની નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે જાણીતા શિક્ષણવિદ શ્રી ગિજુભાઈ બધેકાની બુક "દિવાસ્વપ્ન" પરથી ગુજરાતી ફિલ્મ "દિવાસ્વપ્ન" નું નિર્માણ કરવામાં આવેલ છે. સદર ફિલ્મ "દિવાસ્વપ્ન"ને અમેરિકા, કેનેડા, ફ્રાંસ, જર્મની, જાપાન, તુર્કી. સિંગાપોર, વેનેઝુએલા જેવા અનેક દેશો અને ભારતના અનેક રાજ્યોમાંથી 55 એવોર્ડ્સ અને 35 નોમિનેશન મેળવી ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને વિશ્વ સ્તરે આગવી ઓળખ અપાવી છે. ફિલ્મની સ્ટોરીમાં ભાર વગરના ભણતરની સાથે સાથે એક શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં શું પરિવર્તન લાવી શકે છે તેમજ પ્રાકૃતિક ખેતી જેવા વિષયનું આધુનિક સમયમાં શું મહત્વ છે અને શિક્ષણ માટેના કયા પડકારો છે અને તેનુ સમાધાન વગેરે જેવા વિષયોને ખુબજ સારી રીતે ફિલ્મમાં વણી લેવામાં આવ્યા છે.

ઉક્ત વિગતે ગુજરાતી ફિલ્મ "દિવાસ્વપ્ન" નિહાળવા બાબતે આપના તાબા હેઠળની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નિયમાનુસારની કાર્યવાહી કરવા જણાવશો.

(બી.એમ.સોલંકી)
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણઃ- ઉપર મુજબ

નકલ સવિનય રવાનાઃ-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- માન. સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાનાઃ- સેક્શન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ વ-૨ શાખા, સચિવાલય ગાંધીનગર.